# મહિલા પાંખ, કર્મચારી કલ્યાણ મંડળ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**સહકાર ત્યાં સફળતા**

## જાહેર નિમત્રંણ

આથી અત્રેની કૃષિ યુનિવર્સિટીમાં ફરજ બજાવતી તેમજ વસાહતમાં રહેતી તમામ મહિલાઓને આનંદપૂર્વક જણાવવાનું કે તમામ કર્મચારીઓનાં કલ્યાણ માટે રજીસ્ટ્રર થયેલ કર્મચારી કલ્યાણ મંડળ વર્ષ–૧૯૮૮ થી કાર્યરત છે. સદર મંડળ અંતગર્ત ખાસ મહિલાઓનાં કલ્યાણ અને વિકાસ સબંધિત પ્રવૃતિઓ કરવા માટે મહિલાપાંખની રચના કરવામાં આવેલી છે. સદર પ્રવૃતિઓ સઘન અને ગતિશીલ બનાવવાનાં હેતુસર કર્મચારી કલ્યાણ મંડળની મહિલા પાંખ હેઠળ મહિલામંડળની રચના કરવા માટે મહિલાઓને અત્રે ઘણી મૌખિક રજુઆતો મળેલ છે જે અન્વયે ઘટતી ચર્ચા વિચારણા કરી મંડળની રચના કરવા તથા ગત પ્રવાસની સમીક્ષા કરવાના શુભાશયથી કામેશ્વર મહાદેવ મંદિરનાં પટાંગણમાં આદરણીય કૈલાસબેન (મા.કુલપતિશ્રીનાં ધર્મપત્ની) ની અધ્યક્ષતામાં તા.૩૦.૦૮.૨૦૧૨ નાં રોજ બપોરનાં ૩–૩૦ કલાકે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સર્વેને જરૂરી સૂચનો તથા મુદ્દાઓ સાથે ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવે છે.

**નવસારી**
**તા. ૨૮.૮.૨૦૧૨**

**અધ્યક્ષ**
**મહિલાપાંખ**
**કર્મચારી કલ્યાણ મંડળ,**
**ન.કૃ.યુ.,નવસારી**

**નકલ સવિનય રવાના :** બહોળી પ્રસિધ્ધિ અર્થે તમામ કચેરીઓ તથા વસાહત તરફ જાણ તથા સભામાં ઉપસ્થિત રહેવા સારૂ.....

**નકલ સવિનય રવાના** જાણ તથા માર્ગદર્શન માટે ઉપસ્થિત રહેવા સારુ.....

**પ્રતિ, કર્મચારી કલ્યાણ મંડળની વ્યવસ્થાપક સમિતિનાં સર્વે સભ્યો તરફ....**